# શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વર

તા. 01/09/2026

આજરોજ અત્રેની શ્રી. ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વરમાં આચાર્યશ્રી ડૉ. જી.કે. નંદાના માર્ગદર્શન હેઠળ, Vnsgu SSIP, IIC અને શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે Innovation starts here વિષય પર એક ઓનલાઇન સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી તરફથી વક્તા તરીકે Ms. દેવાંશી સોલંકી, Assistant Manager, Vnsgu Skills ઉપસ્થિત રહ્યા હતા. એમને બહુ જ સાદી અને સરળ ભાષામાં વિદ્યાર્થીઓને innovation એટલે શું, એ કેવી રીતે કરી શકાય, સરકાર વિદ્યાર્થીઓને એમાં કેવી રીતે આર્થિક મદદ કરે છે અને ઉપયોગી બને છે વગેરે પર વિસ્તૃત માહિતી આપી હતી. એમને વિદ્યાર્થીઓને આના માટે જો કોઈ સહાય અને જરૂર પડે તો યુનિવર્સિટી એમાં મદદરૂપ બની શકે છે એ પણ જણાવ્યું હતું. આ સેશનમાં શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ ઉત્સાહભેર મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકો પણ જોડાયા હતા. આ કાર્યક્રમનું કોર્ડીનેશન કોલેજના SSIP ના કોર્ડીનેટર ડૉ. ભાગ્યશ્રી બારપાંડે એ કર્યું હતું.